# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

## શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
મુ.વિંઝોલ, તા.ગોધરા, જિ.પંચમહાલ-૩૮૮૭૧૩


નં.એકેડેમિક/૨૪૦૬/૨૦૨૪ તા.૦૧/૦૪/૨૦૨૪

પરિપત્ર: ૩૩૩૯

વિષય: GCAS (ગુજરાત કોમન એડમીશન સર્વિસ) ની મીટીંગમાં હાજર રહેવા બાબત.

આથી શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને જણાવવાનું કે, ગુજરાત કોમન એડમીશન સર્વિસ પોર્ટલની તાલીમ અત્રેની યુનિવર્સિટી ખાતે તા.૦૬/૦૪/૨૦૨૪ ને શનિવારના રોજ સવારના ૧૧:૩૦ કલાકે ઓડીટોરીયમ હોલ ખાતે રાખવામાં આવેલ છે. જેમાં GIPL અને ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીની GCAS ટીમના પ્રતિનિધિ દ્વારા તાલીમ આપવામાં આવશે. જેમાં તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/અનુસ્નાતક ભવનોના GCAS પોર્ટલ એડમીશન સેલના ૦૧ સભ્ય અને આચાર્યશ્રી/નોડલ ઓફિસરશ્રીઓને ઉપરોક્ત તાલીમમાં હાજર રહેવા જણાવવામાં આવે છે. વધુમાં GCAS એડમીશન સેલના વિવિધ વિદ્યાશાખાના નોડલ ઓફિસરશ્રી, કૉ-ઓર્ડીનેટરશ્રી (તમામ સેલ) ગ્રીવન્સ રીડ્રેસલ નોડલ ઓફિસરશ્રી (તમામ) ને પણ હાજર રહેવા અનુરોધ છે.

**નોંધ**: ઉપરોક્ત તાલીમમાં હાજર રહેનાર GCAS પોર્ટલ એડમીશન સેલના ૦૧ સભ્ય અને આચાર્યશ્રીઓની વિગત આ સાથે સામેલ ગૂગલ ફોર્મમાં ભરી તા૦૪/૦૪/૨૦૨૪ સુધીમાં મોકલી આપવાની રહેશે.

SD/-
કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
વિંઝોલ(ગોધરા)

બિડાણ :

Link : https://docs.google.com/forms/d/e/1FAIpQLSf4j7-4OPEEmN9MIs8MUgi5goFR9p2s1rtpJ9UTjocZLbg9AQ/viewform

પ્રતિ,

- ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારું.

- GCAS એડમીશન સેલના વિવિધ વિદ્યાશાખાના નોડલ ઓફિસરશ્રી, કૉ-ઓર્ડીનેટરશ્રી (તમામ સેલ) ગ્રીવન્સ રીડ્રેસલ નોડલ ઓફિસરશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારું.